# સાઉથ રિપબ્લીક

તંત્રી : રોહિત અશોક શેઠિયા

દૈનિક

Volume : 01 · Issue : 7 · Page - 4 · Price : Rs.1/- · Annual Subscription : Rs.300/- · Date : 28 AUGUST 2026, FRIDAY , · Periodicity : DAILY Publication city : NAVSARI

Language : GUJARATI, Publication Place : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT-396445. Email:sethiarohit48@gmail.com

OFFICE : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT- 396445, Mo. +91-7600000600, PRGI No. GJGUJ/26/A7115


## ટેકનો પ્લસ એપના લાઈવ ફોટો સેલ્ફીના નિયમ સામે નવસારી જીલ્લા પંચાયતના આરોગ્ય કર્મીનો વિરોધ

### ઓનલાઈન કામગીરી માટે નવા સ્માર્ટફોન અને ઈન્ટરનેટ ભથ્થું આપવા માંગ

નવસારી : નવસારી જીલ્લા પંચાયતના આરોગ્ય કર્મીઓએ ટેકનો પ્લસ એપના લાઈવ ફોટો સેલ્ફીના નિયમનો વિરોધ કરી ઓનલાઈન કામગીરી માટે નવા સ્માર્ટફોન અને ઈન્ટરનેટ ભથ્થું આપવાની માંગ કરી છે.

સરકાર દ્વારા આરોગ્યલક્ષી સર્વે અને કામગીરી માટે ટેકનો પ્લસ એપ ઉપયોગમાં લેવાય છે. જેમાં આરોગ્ય કર્મચારીઓને લાભાર્થીઓ અને દર્દીઓ સાથેના લાઈવ ફોટોગ્રાફ-એલ્ફી અપલોડ કરવાની સુચના આપવામાં આવી છે. આ બાબતે આરોગ્ય કર્મચારીઓના જણાવ્યા મુજબ, ફિલ્ડ પર કામગીરી દરમિયાન ટેકનો પ્લસ એપના ઉપયોગને લીધે કામગીરીમાં મુશ્કેલી ઉભી થઈ રહી છે. જેથી રાજ્યના ૩૪ જિલ્લાઓમાં વહીવટી તંત્ર અને ગાંધીનગર ખાતે મંત્રીઓને રજૂઆત કરી હતી. આરોગ્ય કર્મચારીઓ તેમના અંગત



સ્માર્ટફોનમાં થર્ડ પાર્ટી એપ્લીકેશન ડાઉનલોડ કરીને સરકારી કામગીરી કરવાની ફરજ સામે નારાજગી વ્યક્ત કરી હતી. સાથે જ પોતાની અંગત માહિતી અને ડેટા લીક થવાનો ભય પણ છે. વર્ષ ૨૦૧૭ માં સરકાર તરફથી આપવામાં આવેલા મોબાઈલ હવે ઉપયોગમાં લેવાની સ્થિતિમાં નથી. જેથી ઓનલાઈન કામગીરી માટે નવા સ્માર્ટફોન અને ઈન્ટરનેટ ભથ્થું આપવાની માંગ કરી હતી. વધુમાં આરોગ્ય કર્મચારીઓએ ત્રણેક મહિના પહેલા વહીવટી કારણો દર્શાવીને ૨૪૩ આરોગ્ય કર્મીઓ અને ૩૪ ફાર્માસિસ્ટની સામુહિક બદલી કરવામાં આવી હોવાનો મુદ્દો પણ ડીડીઓ સમક્ષ ઉઠાવ્યો હતો. જે બાબતે કર્મચારી મંડળ અને ડીડીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં બદલીઓના ઓર્ડર રીવાઈઝ કરી કર્મચારીઓને મૂળ સ્થાને મુકવા અંગે વહીવટી તંત્ર તરફથી હકારાત્મક ખાતરી આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે એઆઈથી સજ્જ નવસારીના નમો કમલમનું લોકાર્પણ કરાશે

નવસારી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૮મી સપ્ટેમ્બરે નવસારીની મુલાકાતે આવનાર છે. તેઓ નેશનલ હાઈવે નં. ૪૮ પર ગ્રીડ નજીક નિર્માણ પામેલા નવસારી જિલ્લા ભાજપના અત્યાધુનિક કાર્યાલય 'નમો કમલમ'નું લોકાર્પણ કરશે. આ નામો કમલમ આશરે ૪૦ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં રૂ.૧૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. આ કાર્યાલયનું બાંધકામ સહિતની કામગીરી પૂર્ણ કરવામાં પોણા બે વર્ષનો સમય લાગ્યો છે. કોર્પોરેટ શૈલીમાં તૈયાર કરાયેલા આ કાર્યાલયમાં એઆઈ ટેકનોલોજી, હાઈ-સ્પીડ ઈન્ટરનેટ, આધુનિક કોન્ફરન્સ હોલ સહિતની અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.



નવસારી શહેરમાં આવેલું જૂનું ભાજપ કાર્યાલય સમય જતાં સંગઠનના વિસ્તરણ અને કાર્યકરોની વધતી સંખ્યાને કારણે નાનું પડવા લાગ્યું હતું. કાર્યકરોની અવરજવર અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને હાઈવે નજીક વિશાળ જગ્યા પસંદ કરી નવા કાર્યાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. 'નમો કમલમ'માં ડિજિટલ કામગીરીને ઝડપી અને સુવ્યવસ્થિત બનાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સિસ્ટમ તથા હાઈ-સ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત સેંકડો કાર્યકરો એકસાથે બેસી શકે તેવું વિશાળ ઓડિટોરિયમ અને મહત્વપૂર્ણ બેઠકો માટે આધુનિક કોન્ફરન્સ હોલની વ્યવસ્થા કરવામાં આવી છે. પક્ષના પદાધિકારીઓ અને બહારથી આવતા નેતાઓ માટે અલગ કેબિનોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સમગ્ર કાર્યાલયને આધુનિક કોર્પોરેટ ઓફિસની તર્જ પર તૈયાર કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન મોદી દ્વારા જિલ્લા કક્ષાના ભાજપ કાર્યાલયનું લોકાર્પણ થવાનું હોવાથી ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કાર્યક્રમમાં ગુજરાતના વરિષ્ઠ નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

## મોંઘવારીથી બચાવવા અને નશાયુક્ત પદાર્થોના ગેરકાયદેસર વેચાણ સામે પ્રતિબંધ મુકવા માંગ

### નવસારી શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિએ વિરોધ પ્રદર્શન કરી કલેકટર અને એસ.પી. આવેદનપત્ર પાઠવ્યું

નવસારી : ખાંડ, પેટ્રોલ-ડીઝલ સહીત શાકભાજીના વધતા ભાવો સામે તેમજ નશાયુકત પદાર્થોના ગેરકાયદેસર વેચાણ સામે પ્રતિબંધ મુકવાની માંગ કરી નવસારી શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિએ વિરોધ પ્રદર્શન કરી જીલ્લા કલેકટર અને એસ.પી. ને અલગ-અલગ આવેદનપત્ર પાઠવ્યું છે.

જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ઉપર વધતા ભાવો અને નશાયુકત પદાર્થોના ગેરકાયદેસર વેચાણ સામે પ્રતિબંધ મુકવાની માંગ સાથે આજે નવસારી શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિએ લુન્સીકુઈ ખાતે વિરોધ પ્રદર્શન કરી જીલ્લા કલેકટર અને એસ.પી. ને અલગ-અલગ આવેદનપત્ર



પાઠવ્યા છે. જેમાં કલેકટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના દીકરાઓની ફેકટરીમાં ઈથેનોલ બનાવવા માટે બજારમાંથી પુષ્કળ પ્રમાણમાં શેરડીનો ઉપયોગ થઈ રહ્યો હોવાના આક્ષેપો કર્યા છે. જેથી ખાંડ અને ગોળનું ઉત્પાદન ઘટ્યું છે. જેને કરને પુરવઠો ઘટતા સ્થાનિક બજારોમાં ગોળ અને ખાંડના ભાવમાં કમરતોડ વધારો થયો છે. જેનો ભોગ મધ્યમ ગરીબ અને સામાન્ય લોકો બની રહ્યા છે. ગરીબની કસ્તુરી સમાન કાંદા, દૂધ, શાકભાજી, પેટ્રોલ-ડીઝલ સહિતની જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ મોંઘી થઈ છે. તેમજ મોમ્ઘ્વારીમાં પીડાતા લોકોને રોજગારી પણ મળતી નથી. જેથી તમામ મુદ્દે નિષ્ફળ રહેલી વર્તમાન સરકાર વહેલી તકે રાજીનામું આપે તેવી માંગ કરી છે.

જયારે એસ.પી. ને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં હાલના સમયમાં નવસારી પંથકની અંદર બેફામ અને ગેરકાયદેસર રીતે દેશી-વિદેશી દારૂ તેમજ નશીલા પદાર્થોનું વેચાણ થઈ રહ્યું છે. હાલમાં જ ભાવનગર ખાતે બનેલો લઠ્ઠાકાંડ તાજો અને અત્યંત ગંભીર દાખલો છે. આવી કોઈ ગંભીર અને જીવલેણ ઘટનાનું પુનરાવર્તન નવસારીમાં ન થાય તેની કાળજી અત્યંત જરૂરી છે. હાલમાં દારૂ, ગાંજો, ડ્રગ્સ, અફીણ અને અન્ય નાર્કોટીક્સ જેવા જીવલેણ નશાના રવાડે ચડીને નવસારીની યુવા પેઢી બરબાદીના પંથે જઈ રહી છે. જે સમગ્ર સમાજ માટે ચિંતાનો વિષય છે. જેથી નવસારીમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનારા અસામાજિક તત્વો સામે અગમચેતીના તમામ પગલા લઈ નવસારીને નશામુક્ત બનાવવાની માંગ કરી છે.

## રાજ્યના નાયબ મુખ્યમંત્રીના ફોટા અને ખોટા નિવેદન સાથેની પોસ્ટ સોશ્યલ મીડિયામાં મુકનાર ઝડપાયો

### નવસારી સાયબર ક્રાઈમ પોલીસે ઈનસ્ટાગ્રામ આઈડી ધારક વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી



નવસારી : રાજ્યના નાયબ મુખ્યમંત્રીના ફોટા અને ખોટા નિવેદન સાથેની પોસ્ટ સોશ્યલ મીડિયા ઈનસ્ટાગ્રામ પર મુકતા નવસારી સાયબર ક્રાઈમ પોલીસે ઈનસ્ટાગ્રામ આઈડી ધારક વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. જે પોસ્ટ મુકનાર આરોપીને નવસારી એલ.સી.બી. પોલીસે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નવસારી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા સોશ્યલ મીડિયા મોનીટરીંગ દરમિયાન ઈનસ્ટાગ્રામ પ્લેટફોર્મ ઉપર "katha_vistar" નામની ઈનસ્ટાગ્રામ આઈડી પરથી ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના ફોટાનો ઉપયોગ કરી, તેમના દ્વારા નિવેદન આપવામાં આવેલ હોય તેવો ખોટો અર્થ ઉપજાવે તેવી ખોટી અને બનાવતી ઈલેક્ટ્રોનિક પોસ્ટ પ્રસિદ્ધ કરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું હતું. આ પોસ્ટમાં દારૂના ગેરકાયદેસર વેચાણ તથા સરપંચ, કોર્પોરેટર, એમએલએ અંગેના બનાવતી લખાણનો ઉપયોગ કરી નાયબ મુખ્યમંત્રીની પ્રતિષ્ઠાને હાની પહોંચે તે રીતે ખોટા ઈલેક્ટ્રોનિક લખાણ લખેલ પોસ્ટને સોશ્યલ મીડિયા ઉપર ન્યુઝના સ્વરૂપમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોવાનું જણાયું હતું. જેથી નવસારી સાયબર ક્રાઈમ પોલીસે ઈનસ્ટાગ્રામ આઈડી ધારક/ઉપયોગકર્તા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આ બાબતે નવસારી સાઈબર ક્રાઈમ પોલીસ તેમજ નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસ શરુ કરવામાં આવી હતી. દરમિયાન નવસારી એલ.સી.બી. પોલીસે ટેકનીકલ તથા વૈજ્ઞાનિક પુરાવાના આધારે ઈનસ્ટાગ્રામ આઈ.ડી. "katha_vistar" ના ધારક તથા ઉપયોગકર્તા અને ગણદેવી ખાપરવાડા વણગામ મહાદેવ ફળીયામાં રહેતા હાર્દિક રામજીભાઈ પટેલ હોવાનું જણાતા પોલીસે હાર્દિકને ઝડપી પાડયો હતો. પોલીસે હાર્દિકની પૂછપરછ કરતા તેણે હાલની સોશ્યલ મીડિયા ટ્રેન્ડમાં લોકોનું ધ્યાન આકર્ષવા, સોશ્યલ મીડિયા પર ફોલોઅર્સ વધારવા અને પ્રસિદ્ધી મેળવવાના હેતુથી આ પ્રકાશની પોસ્ટ કરી હોવાનું જણાવ્યું હતું. આ બાબતે આગળની કાર્યવાહી માટે આરોપી હાર્દિકને નવસારી સાયબર ક્રાઈમ પોલીસ મથકે સોંપવામાં આવ્યો છે.

## રક્ષાબંધનના તહેવાર નિમિત્તે નવસારી એસ.ટી. ડેપોએ વધારાની ૫૦ બસ દોડાવી

નવસારી : તહેવાર દરમિયાન નવસારીના ઘણા લોકો અન્ય જીલ્લાઓ કે રાજ્યોમાં વસતા તેમના પરિવાર કે સગાસબંધીઓના ઘરે જતા હોય છે. જોકે ઘણા લોકો ટ્રેનમાં રીઝર્વેશન કરી જતા હોય છે. જયારે ઘણા લોકો આંતરિક ગામો સુધી જતી એસ.ટી. બસમાં મુસાફરી કરે છે. જેના પગલે તહેવાર દરમિયાન મુસાફરોમાં વધારો થાય છે. જેથી રક્ષાબંધનના તહેવાર નિમિત્તે મુસાફરોમાં થતો વધારો ધ્યાને રાખી નવસારી એસ.ટી. ડેપો તંત્ર દ્વારા વધારાની બસો દોડાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ગત રોજ ૨૧ વધારાની ટ્રીપો દોડાવવામાં આવી હતી. જયારે મુસાફરોમાં વધારો થઈ રહ્યો હોવાથી વધારાની ૫૦ બસો દોડાવવામાં આવી રહી છે. જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, વાપી, ડાંગ સહિતના વિવિધ વિસ્તારોમાં ૫૦ વધારાની બસો દોડાવી રહ્યા છે.

સાઉથ રિપબ્લીક - દૈનિક

SOUTH REPUBLIC DAILY, NAVSARI

# ગણેશોત્સવ પૂર્વે ઔરંગા ઓવારાની જર્જરિત હાલત સામે મંડળોમાં રોષ
## ઉકેલ નહી આવે તો વિસર્જન નહી કરવાની ગણેશ મંડળોની ચીમકી

### શું કોઈ બનાવની રાહ જોવાઈ રહી છે?

ગણેશ મંડળોના આયોજકોનો સવાલ છે કે જો વિસર્જન સ્થળની હાલત જોખમી છે તો તંત્ર દ્વારા તાત્કાલિક મરામત કામગીરી કેમ શરૂ કરવામાં આવી નથી? ગણેશોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો ઉમટવાના હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલાં વ્યવસ્થા સુધારવાની માગ કરવામાં આવી છે.

પૂર બાદ તંત્ર દ્વારા વલસાડના અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી, જોકે વિસર્જન સ્થળ અંગે ગણેશ મંડળો હવે ઝડપી કાર્યવાહી ઈચ્છી રહ્યા છે.



વલસાડઃ ગણેશોત્સવને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વલસાડમાં ગણેશ વિસર્જનને લઈને વિવાદ ઊભો થયો છે. ઔરંગા નદીમાં આવેલા વિનાશક પૂરને એક મહિનો વીતી ગયો હોવા છતાં ઔરંગા જેટી અને ઓવારાની જર્જરિત હાલત, કિનારે થયેલું ધોવાણ, તિરાડો અને સફાઈના અભાવે ગણેશ મંડળોના આયોજકોમાં રોષ ફેલાયો છે.

વલસાડમાં દર વર્ષે ઔરંગા બંદર ખાતે મોટી સંખ્યામાં ગણેશ પ્રતિમાઓનું વિસર્જન થાય છે. આ વખતે પૂરથી વિસર્જન સ્થળને પણ નુકસાન પહોંચ્યું છે. જેટીનો કેટલોક ભાગ જર્જરિત બન્યો છે, જયારે કિનારા પર ધોવાણ અને તિરાડો પડ્યાની ફરિયાદ આયોજકો દ્વારા કરવામાં આવી છે. પૂર બાદ કચરો અને ગંદકીની સમસ્યા પણ યથાવત હોવાનો આક્ષેપ છે.

વિસર્જન દરમિયાન હજારો ભક્તો ઉપરાંત ડીજે વાહનો અને ગણેશ મંડળોની મોટી સંખ્યામાં હાજરી રહેતી હોવાથી સલામતી અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. આયોજકોએ ઓવારા ખાતે ભેગા થઈ તંત્ર સમક્ષ તાત્કાલિક મરામત, સફાઈ અને લાઈટ પોલની વ્યવસ્થા કરવાની માગ કરી છે.

### ઉકેલ નહી આવે તો વિસર્જન નહી

આયોજકોનું કહેવું છે કે જેટીની મરામત, ઓવારાની સફાઈ, કિનારાના ધોવાણનું સમારકામ અને વીજ પોલની વ્યવસ્થા સમયસર નહી થાય તો તેઓ મૂર્તિ વિસર્જન નહી કરે. આ મુદ્દે આગામી દિવસોમાં તંત્ર અને ગણેશ મંડળો વચ્ચે બેઠક યોજાઈ ઉકેલ લાવવાની દિશામાં ચર્ચા થવાની શક્યતા છે.

રાજૂ મરચા, ગણેશ મંડળ આયોજકઃ વિસર્જન સ્થળે ભક્તોની સુરક્ષા સૌથી મહત્વની છે. તંત્ર દ્વારા જેટી, ઓવારા અને વીજ વ્યવસ્થાની તાત્કાલિક મરામત કરવામાં આવે. માગણીઓનો ઉકેલ નહી આવે તો ગણેશ વિસર્જન અંગે અમારે કડક નિર્ણય લેવો પડશે.

# બોગસ નંબર પ્લેટવાળી ઇનોવામાં દારૂની હેરાફેરી, તાપી LCBએ ૪૯૭ બોટલ સાથે બેને ઝડપ્યા

વ્યારા : તાપી જિલ્લામાં પોલીસ દ્વારા હાથ ધરાયેલા સઘન ચેકિંગ દરમિયાન LCB અને પેરોલ-ફર્લો સ્કોડે વ્યારા નજીકથી વિદેશી દારૂ ભરેલી ઈનોવા કાર ઝડપી પાડી હતી. કારમાંથી દારૂ-બિયરની કુલ ૪૯૭ બોટલ મળી આવતા પોલીસે સુરતના બે શખ્સોની ધરપકડ કરી હતી. પોલીસે દારૂ, કાર, મોબાઈલ સહિત કુલ રૂા.૮.૨૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

LCB PI બી.જી. રાવલની સૂચના હેઠળ પેરોલ-ફર્લો સ્કોડના PI જે.બી. આહિર અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ASI બીપીનભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશભાઈને બાતમી મળી હતી કે સેલવાસ અને મહારાષ્ટ્ર તરફથી ઈનોવા કારમાં વિદેશી દારૂનો જથ્થો સોનગઢ-વ્યારા તરફ લાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે વ્યારા ટીચકપુરા બાયપાસ રોડ પર નાકાબંધી ગોઠવી ઈનોવા કારને અટકાવી તપાસ કરવામાં આવી હતી.



તપાસ દરમિયાન કારની પાછળની સીટ અને ડેકીમાંથી ૨૭ બોક્સ તથા ૫૩ છૂટી બોટલ મળી કુલ ૪૯૭ નંગ દારૂ-બિયર મળી આવ્યા હતા. જપ્ત દારૂની કિંમત રૂા.૨,૯૭,૫૩૮ આંકવામાં આવી છે.

તપાસમાં કાર પર બોગસ નંબર પ્લેટ લગાવવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કારમાંથી મૂળ નંબર પ્લેટ ઉપરાંત બે બોગસ નંબર પ્લેટ પણ કબજે કરી હતી. પોલીસે રૂા. ૫ લાખની ઈનોવા કાર, રૂા.૨૫ હજારના બે મોબાઈલ ફોન અને દારૂ મળી કુલ રૂા. ૮,૨૨,૫૩૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ કેસમાં પોલીસે લાલગેટ, સુરતના વસીમ અહેમદ ઉર્ફે પીન્ટુ રંગરેજ અને સૈયદપુરા, સુરતના નિહાલ હુસૈન શેખને ઝડપી પાડ્યા છે. જ્યારે દારૂ મંગાવનાર અને મોકલનાર સહિત ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડાંગને ગાજર ઘાસમુક્ત કરવાનો ખેડૂતોનો સંકલ્પ : વઘઈ KVK દ્વારા ગાજર ઘાસ જાગૃતિ સપ્તાહની ઉજવણી; ૫૦૦થી વધુ ખેડૂતોને માર્ગદર્શન

વઘઈ : ડાંગ જિલ્લામાં ગાજર ઘાસના વધતા ઉપદ્રવને નિયંત્રણમાં લેવા વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) દ્વારા ૨૧મા 'ગાજર ઘાસ જાગૃતિ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. હર્ષદ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ૫૦૦થી વધુ ખેડૂતોને ગાજર ઘાસના નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જાગૃતિ સપ્તાહ દરમિયાન ઓન-કેમ્પસ અને ઓફ-કેમ્પસ તાલીમ, ખેડૂત બેઠકો તથા મેથડ ડેમોન્સ્ટ્રેશન સહિતની વિવિધ



પ્રવૃત્તિઓ યોજાઈ હતી. ખેડૂતોને ગાજર ઘાસનો ભારતમાં પ્રવેશ, જીવનચક્ર, માનવ તથા પશુ સ્વાસ્થ્ય પર તેની થતી હાનિકારક અસરો અને અસરકારક નિયંત્રણની પદ્ધતિઓ અંગે સમજ આપવામાં આવી હતી.

ખેડૂતોને ગાજર ઘાસનો ઉપદ્રવ શરૂઆતના તબક્કે જ નિયંત્રિત કરવા તેમજ સામૂહિક રીતે નાબૂદી અભિયાનમાં જોડાવા અપીલ કરવામાં આવી હતી. ઉપરાંત પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો અને ખરીફ પાકોમાં પ્રાકૃતિક ખેતીના ઉપયોગ અંગે પણ માર્ગદર્શન અપાયું હતું.

કાર્યક્રમના અંતે ખેડૂતોએ ડાંગ જિલ્લામાંથી ગાજર ઘાસના ઉપદ્રવને નિયંત્રણમાં લેવા તથા નાબૂદી અભિયાનમાં સંપૂર્ણ સહયોગ આપવાનો સામૂહિક સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# વિજલપોરમાં એપાર્ટમેન્ટના ફ્લેટમાં આગ લાગી

નવસારી : વિજલપોરમાં ગાયત્રી સંકુલ પાસે આવેલા દર્શન એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં મંદિરમાં દીવો પ્રગટાવવામાં આવ્યો હતો. જે દીવાની આગ મંદિરના અન્ય હિસ્સામાં લાગતા આગ ફેલાઈ હતી. જેના કારણે ફ્લેટમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો. દરમિયાન આગ મંદિરની આજુબાજુ પણ ફેલાઈ જતા ફ્લેટમાં રહેતા પરિવારજનો ગભરાઈ જતા બુમાબુમ કરવા લાગ્યા હતા. જેના પગલે અન્ય પાડોશીઓ પણ દોડી આવ્યા હતા. જોકે ફ્લેટના સભ્યો ઘરની બહાર નીકળી આવી તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેથી ફાયર બ્રિગેડે આવી આગ ઉપર






પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી હતી. જોકે આ કોઈ જાનહાની થઈ ન હતી.

# કપરાડા પુલનું ધોવાણ થયે એક મહિનો પૂર્ણ, છતાં સમારકામ શરૂ નહી : મેણધા દેહવારપાથી-લોળ માર્ગ પર અવરજવર મુશ્કેલ, સ્થાનિકોમાં તંત્ર સામે રોષ





વલસાડ : કપરાડા તાલુકાના મેણધા દેહવારપાથી લોળ તરફ જતા માર્ગ પર આવેલા પુલના કોઝવે અને ડૂબાણવાળા ભાગનું ભારે વરસાદ તથા પૂરના પાણીના કારણે ધોવાણ થયાને એક મહિનો પૂર્ણ થયો છે. જોકે, એક મહિનો વીતી જવા છતાં પુલના ક્ષતિગ્રસ્ત ભાગનું સમારકામ શરૂ કરવામાં આવ્યું નથી. જેના કારણે સ્થાનિક ગ્રામજનો તેમજ વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ચોમાસાની શરૂઆતથી જ દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે નદી-નાળા અને કોતરોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. કપરાડા તાલુકામાં પણ ભારે વરસાદના પગલે અનેક માર્ગો અને નાના-મોટા પુલોને નુકસાન થયું હતું. મેણધા દેહવારપાથી લોળ તરફ જતા માર્ગ પર આવેલો આ પુલ પણ પૂરના પાણીના ભારે પ્રવાહની ઝપેટમાં આવ્યો હતો. પાણીના ધસમસતા પ્રવાહને કારણે પુલના કોઝવે તથા ડૂબાણવાળા ભાગનું ધોવાણ થતાં રસ્તો જોખમી બની ગયો છે.

પુલને નુકસાન થયા બાદ એક મહિનો વીતી ગયો હોવા છતાં હજુ સુધી તંત્ર દ્વારા સ્થળ પર કાયમી સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી નથી. પરિણામે બંને ગામો વચ્ચે અવરજવર કરતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોજિંદા કામકાજ માટે આ માર્ગનો ઉપયોગ કરતા ગ્રામજનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વાહનચાલકો માટે હાલની પરિસ્થિતિ ચિંતાજનક બની છે.

ખાસ કરીને વરસાદી વાતાવરણ દરમિયાન પુલ પરથી પસાર થવું વધુ જોખમી બની જાય છે. પુલના ક્ષતિગ્રસ્ત ભાગમાંથી પાણીનો પ્રવાહ પસાર થતો હોવાથી વાહનચાલકોને જીવના જોખમે માર્ગ પસાર કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. નાના વાહનો તેમજ દ્વિચક્રી વાહનચાલકો માટે મુશ્કેલી વધુ ગંભીર બની રહી છે. જો વરસાદ દરમિયાન પાણીનું પ્રમાણ વધે તો પુલ પરથી અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ જવાની પણ શક્યતા છે.

સ્થાનિક ગ્રામજનોનું કહેવું છે કે પુલના ધોવાણની જાણ તંત્રને હોવા છતાં સમયસર સમારકામ શરૂ કરવામાં ન આવતા પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. પુલના ક્ષતિગ્રસ્ત ભાગનું વધુ ધોવાણ થાય અથવા કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોની માંગ છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, પુલનું માત્ર ઉપરછલ્લું સમારકામ કરવાને બદલે ક્ષતિગ્રસ્ત કોઝવે અને ડૂબાણવાળા ભાગનું ટેકનિકલ રીતે નિરીક્ષણ કરવામાં આવે અને પાણીના પ્રવાહને ધ્યાનમાં રાખીને મજબૂત બાંધકામ કરવામાં આવે તે જરૂરી છે. યોગ્ય ગુણવત્તા અને ટકાઉપણું જળવાય તે રીતે કામગીરી કરવામાં આવે તો ભવિષ્યમાં ચોમાસા દરમિયાન ફરીથી આવી સમસ્યા ઊભી થવાની શક્યતા ઘટાડી શકાય છે.

સ્થાનિકોએ તંત્ર સમક્ષ તાત્કાલિક સ્થળ તપાસ કરાવી પુલના નુકસાનનું મૂલ્યાંકન કરવા તેમજ જરૂરી મંજૂરી અને પ્રક્રિયા પૂર્ણ કરી સમારકામની કામગીરી શરૂ કરવાની માંગ કરી છે. સાથે જ કાયમી સમારકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી બંને ગામો વચ્ચે અવરજવર માટે સુરક્ષિત વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે પુલની હાલત અંગે સમયસર કાર્યવાહી કરવામાં નહી આવે તો આવનારા દિવસોમાં સમસ્યા વધુ ગંભીર બની શકે છે. વરસાદી સિઝન હજુ ચાલુ હોવાથી પુલના ક્ષતિગ્રસ્ત ભાગમાં વધુ ધોવાણ થવાની સંભાવના પણ રહેલી છે. આવી સ્થિતિમાં માત્ર વાહનચાલકો જ નહી પરંતુ પગપાળા પસાર થતા લોકો માટે પણ જોખમ ઊભું થઈ શકે છે.

એક તરફ ચોમાસામાં માર્ગ અને પુલની સુરક્ષા મહત્વની બની જાય છે, ત્યારે બીજી તરફ એક મહિના જેટલો સમય વીતી ગયા બાદ પણ સમારકામ શરૂ ન થતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિકોમાં હવે એક જ માંગ છે કે કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોયા વગર તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી પુલનું મજબૂત અને ગુણવત્તાયુક્ત સમારકામ હાથ ધરવામાં આવે.

હવે જોવાનું એ રહ્યું કે તંત્ર ગ્રામજનોની સમસ્યાને ગંભીરતાથી લઈ તાત્કાલિક પગલાં ભરે છે કે પછી પુલની હાલત અને ગ્રામજનોની હાલાકી યથાવત્ રહે છે.

# દોઢ વર્ષથી ફરાર વોન્ટેડ આરોપી દાદરા ચેકપોસ્ટ પરથી ઝડપાયો




વાપી : વલસાડ જિલ્લાના વાપીમાં દોઢ વર્ષથી પોલીસને ચકમો આપી ફરાર રહેલા વોન્ટેડ આરોપી કરણ રાજુ યાદવને ડુંગરા પોલીસે દાદરા ચેકપોસ્ટ પાસેથી ઝડપી પાડ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે ટીમે કોર્ડન કરી આરોપીને ઝડપી પાડ્યો હતો.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા (IPS)ના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીઓનેઝડપી પાડવા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન ડુંગરા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ડુંગરા પોલીસ સ્ટેશનમાં BNS તથા GP એક્ટની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા ગુનાનો વોન્ટેડ આરોપી કરણ રાજુ યાદવ (ઉંમર ૨૨ વર્ષ), રહે. લવાછા ગામ, કેસલી ફળિયા, નાનાપોંઢા, દાદરા ચેકપોસ્ટ પાસે હાજર છે.

બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરતા આરોપીએ પોલીસને જોઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે તેને ચારે તરફથી ઘેરી કોર્ડન કરી ઝડપી લીધો હતો.

પોલીસ તપાસમાં વધુમાં જાણવા મળ્યું હતું કે આરોપી સામે અગાઉ વાપી GIDC પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ પણ ગુનાઓ નોંધાયેલા છે. પીઆઈ બી.એન. ગોહીલના માર્ગદર્શન હેઠળ ડુંગરા પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાચકો જોગ

સાઉથ રિપબ્લીક
દૈનિક-નવસારી

આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓના સમાચારો, પ્રશ્નો, સામાજિક નોંધ તેમજ શાળા- કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓના સમાચારો અમને ફોટોગ્રાફ સાથે લખીને મોકલો.

૧૦૨ રાજ રેસિડન્સી, અવધૂત આઈ હોસ્પીટલ પાસે, આશાનગર, નવસારી.
મો.:- 7600000600
EMAIL:- sethiarohit48@gmail.com

ખાસ નોંધ

સાઉથ રિપબ્લીક દૈનિક અખબારમાં છપાતા તમામ લેખ, સમાચારને લગતા વાદ-વિવાદ તકરાર, કાનૂની પ્રક્રિયા નવસારી કોર્ટને આધીન

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# વાંસદા-હનુમાનબારીમાં રખડતા ઢોરનો ત્રાસ, ગ્રામજનોએ મામલતદારને આવેદનપત્ર આપ્યું




વાંસદા : વાંસદા અને હનુમાનબારી વિસ્તારમાં રખડતા ઢોરના વધતા ત્રાસને કારણે ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. રસ્તાઓ પર રખડતા ઢોરના ટોળાંના કારણે વાહનવ્યવહારને અસર થતી હોવાની સાથે અકસ્માતનો ભય પણ સેવાઈ રહ્યો છે. ખાસ કરીને શાળાએ જતા નાના બાળકોની સુરક્ષાને લઈને વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, રખડતા ઢોર ખેતરોમાં ઘૂસી જઈ ઊભા પાકને નુકસાન પહોંચાડી રહ્યા છે. જેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. આવેદનપત્રમાં મહેશભાઈ પટેલ, નવીનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ સહિત આશરે ૧૧ ખેડૂતોના પાકને નુકસાન થયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

દરમિયાન થોડા દિવસ અગાઉ જકાતનાકા પાસે એક ગાયે નાની બાળકી પર હુમલો કર્યો હોવાની ઘટના પણ સામે આવી હતી. બાળકીને બચાવવા ગયેલા એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં તેમને ૧૫ દિવસ સુધી ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. હાલમાં પણ તેઓ ફ્રેક્ચરને કારણે સારવાર હેઠળ હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

આ સમગ્ર મામલે ખેડૂતો અને ગ્રામજનોએ વાંસદા મામલતદાર કચેરી ખાતે લેખિત આવેદનપત્ર આપી રખડતા ઢોરનો તાત્કાલિક નિકાલ કરવા, બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ ખેડૂતોના પાકને નુકસાનથી બચાવવા માટે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. મામલતદાર કચેરી વાંસદા તાલુકા સેવા સદન ખાતે આવેલી છે.

### NEET PG-2026 પરીક્ષા અંતર્ગત પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટર વિસ્તારમાં પ્રતિબંધાત્મક હુકમ

# પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની હદમાં ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો તેમજ મોબાઇલ, સ્માર્ટ વોચ અને સ્માર્ટ બેન્ડ પર પ્રતિબંધ

નવસારી : નેશનલ એલીજીબીલીટી કમ એન્ટરન્સ ટેસ્ટ (NEET) PG-2026ની પરીક્ષા તા. ૩૦-૦૮-૨૦૨૬ના રોજ સવારે ૯-૦૦ કલાકથી બપોરે ૧૨-૩૦ કલાક દરમિયાન યોજાનાર છે.

નવસારી જિલ્લામાં પરીક્ષાનું સરળ, સુચારુ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા તથા વિશ્વસનીયતા જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર નવસારીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. એન. લિખિયાએ તેમને મળેલી સત્તાની રૂએ પ્રતિબંધાત્મક હુકમ ફરમાવ્યો છે.

આ હુકમ મુજબ નવસારી જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડિંગની હદથી ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ રહેશે. તેમજ કોઈપણ વ્યક્તિએ, પરીક્ષાર્થી સહિત, પરીક્ષા કેન્દ્રમાં હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ વગેરે લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની હદમાં લાઉડ સ્પીકર વગાડવા અથવા અવાજ મોટો કરનાર કોઈપણ યંત્રનો ઉપયોગ કરવા ઉપર પણ પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની હદમાં આવેલા ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો તા. ૩૦-૦૮-૨૦૨૬ના રોજ સવારે ૭-૩૦ કલાકથી બપોરે ૨-૩૦ કલાક સુધી ચાલુ રાખવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# વાંસદા-ખેરગામ પોલીસે પ્રોહિબિશનના ગુનાઓમાં પકડેલો મુદ્દામાલ રોલર ફેરવીને કર્યો નાશ




વાંસદા : વાંસદા અને ખેરગામ પોલીસે પ્રોહિબિશનના વિવિધ ગુનાઓમાં જપ્ત કરેલા આશરે રૂ. ૮૭ લાખના ઈંગ્લિશ દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. વાંસદા તાલુકાના ચરણવાડા ગામના ડી.પી. ફળિયા ખાતે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, વાંસદા પોલીસ સ્ટેશનના કુલ ૧૧૬ ગુનાઓમાં જપ્ત કરાયેલી ૫,૫૬૯ બોટલ, જેની કિંમત આશરે રૂ. ૧૩.૬૮ લાખ હતી, જ્યારે ખેરગામ પોલીસ સ્ટેશનના ૮૭ ગુનાઓમાં જપ્ત કરાયેલી ૨૭,૫૦૦ બોટલ, જેની કિંમત આશરે રૂ. ૭૩ લાખ હતી.

આમ, બંને પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત કરાયેલી કુલ ૩૩,૦૬૯ બોટલ, જેની કુલ કિંમત આશરે રૂ. ૮૬.૬૮ લાખ થાય છે, તેનો રોલર ફેરવીને નાશ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી દરમિયાન પ્રાંત અધિકારી ભાર્ગવ માહલા, ડીવાયએસપી હરેશ ચાંદુ, PI જયદીપસિંહ ચાવડા, વાંસદા અને ખેરગામ પોલીસ સ્ટાફ તેમજ નશાબંધી આબકારી વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઇનર વ્હીલ ક્લબ ઓફ નવસારી દ્વારા પૂરગ્રસ્ત ૩૩ પરિવારોને વાસણ કીટનું વિતરણ કરાયું



નવસારી : પૂરગ્રસ્ત પરિવારોને જરૂરી સહાય પૂરી પાડવાના હેતુથી ઈનર વ્હીલ ડિસ્ટ્રિક્ટ ૩૦૬ દ્વારા સમગ્ર જિલ્લામાં એક માનવતાવાદી પહેલ હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત તમામ ક્લબોને ૧,૫૦૦ રૂપિયાની કિંમતની વાસણ કીટ માટે યોગદાન આપવા અપીલ કરવામાં આવી હતી. વિવિધ ક્લબોના સહયોગથી એકત્રિત થયેલી રકમને પૂરથી અસરગ્રસ્ત પાંચ ક્લબમા વહેંચવામાં આવી હતી.

આ પહેલ અંતર્ગત ઈનર વ્હીલ ક્લબ ઓફ નવસારીને ૪૯,૬૦૦ રૂપિયાની રકમ પ્રાપ્ત થઈ હતી. જેના દ્વારા ૩૩ વાસણ કીટ તૈયાર કરી પૂરગ્રસ્ત પરિવારોને આપવામાં આવી. કીટમાં દૈનિક જીવનમાં ઉપયોગી જરૂરી ઘરવપરાશના વાસણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેથી અસરગ્રસ્ત પરિવારોને મુશ્કેલ સમયમાં વ્યવહારુ સહાય મળી રહે અને તેઓ પોતાના દૈનિક જીવનને ફરીથી સુવ્યવસ્થિત કરી શકે.

આ પ્રોજેક્ટ પ્રોજેક્ટ ચેર રક્ષાબેનના સહયોગથી, ડિસ્ટ્રિક્ટ ડીઝાસ્ટર સર્વિસ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર પી.ડી.સી બીનાબેનના સંકલનથી અને ડિસ્ટ્રિક્ટ ચેરમેન સ્નેહા ભગતના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો. આ સમગ્ર પહેલને પ્રેસિડેન્ટ જિગીષા ભટ્ટ અને સેક્રેટરી અલ્કાબેન પટેલ તથા પી. ડી.સી.તેજલબેન, છાયા બેન,કીર્તિબેન, ફાલ્ગુનીબેન, લેખાબેન, અંજનાબેન નો મહત્વ પૂર્ણ સહયોગ મળ્યો.

# નવસારીની શાળાઓમાં રક્ષાબંધન પર્વ ઉજવાયો



નવસારી : આજે રક્ષાબંનધનનો તહેવાર છે. પરંતુ નવસારીની શાળાઓમાં એક દિવસ અગાઉ જ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી છે. નવસારી ખાતે આવેલી આશાદીપ શાળામાં ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને સ્નેહના પ્રતીક સમાન રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ પારંપરિક વસ્ત્રોમાં સજ્જ થઈને ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી, મીઠાઈ ખવડાવીને રક્ષાસૂત્ર (રાખડી) બાંધી તેમના દીર્ઘાયુષ્યની કામના કરી હતી, જયારે ભાઈઓએ પણ બહેનોનું સદાય રક્ષણ કરવાનું વચન આપ્યું હતું. આ સાથે શાળામાં રાખડી બનાવવાની સ્પર્ધાનું પણ સુંદર આયોજન કરાયું હતું. શાળાના આચાર્ય અને શિક્ષકોએ તમામ બાળકોને પર્વનું મહત્વ સમજાવી આ પવિત્ર તહેવારની હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.

# સાપુતારામાં મિત્રોની બોલાચાલી બાદ યુવકની હત્યા

## નાશિકથી ફરવા આવેલા છ મિત્રો વચ્ચે મોડી રાત્રે ઝઘડો, ૨૭ વર્ષીય હેમંત સૂર્યવંશી પર ચપ્પુથી હુમલો; સારવાર દરમિયાન મોત

સાપુતારા : સાપુતારા ગિરિમથકમાં મોડી રાત્રે મિત્રો વચ્ચે થયેલી બોલાચાલી બાદ ૨૭ વર્ષીય યુવક પર ચપ્પુથી હુમલો કરવામાં આવતાં તેનું સારવાર દરમિયાન મોત થયું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના સુરગાણા તાલુકામાંથી છ મિત્રો સાપુતારા ફરવા આવ્યા હતા. મોડી રાત્રે તમામ મિત્રો સાપુતારાના BOB ATM નજીક નાસ્તો કરવા બેઠા હતા. દરમિયાન કોઈ અગમ્ય કારણોસર તેમની વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી.

બોલાચાલી ઉગ્ર બનતાં ૨૭ વર્ષીય હેમંત વિલાસ સૂર્યવંશી પર ચપ્પુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં હેમંત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેના બે મિત્રો તેને મોટરસાયકલ પર સારવાર માટે મહારાષ્ટ્ર લઈ ગયા હતા. જોકે, સારવાર દરમિયાન તેનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં સાપુતારા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસે ઘટનાસ્થળનું બેરિકેટિંગ કરી CCTV ફૂટેજ સહિતના પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી છે. હત્યા પાછળનું ચોક્કસ કારણ તેમજ હુમલામાં કોણ-કોણ સંડોવાયેલું છે તે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

સાપુતારા જેવા પ્રવાસન સ્થળે બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી છે. પોલીસ સમગ્ર મામલાની સઘન તપાસ કરી રહી છે.

# ઘેજમાં ૧૦૦ જેટલા વૃક્ષો વાવી પર્યાવરણ જાળવણીનો સંદેશ



ચીખલી તાલુકાના ઘેજ ગામે ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત સામાજિક વનીકરણ વિભાગ દ્વારા સ્મશાનભૂમિ રોડ પર તળાવની પાળે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ડો. અમિતાબેન પટેલના હસ્તે ફૂલો તથા બારેમાસ લીલાછમ રહેતા આશરે ૧૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ડૉ. અશ્વિનભાઈ, દિપ્તીબેન અંકુરભાઈ, સરપંચ રાકેશભાઈ, સહકારી મંડળીના વાઈસ ચેરમેન ઉત્તમભાઈ, તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ ધર્મેશભાઈ, પૂર્વ સરપંચ વિનોદભાઈ સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડો. અમિતાબેન પટેલે જણાવ્યું હતું કે, પર્યાવરણનું સંતુલન જાળવવા વૃક્ષોનું વાવેતર સાથે તેમનું જતન અને માવજત પણ એટલી જ જરૂરી છે. તેમણે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોને વાવેલા રોપાઓની નિયમિત માવજત કરવા અનુરોધ કર્યો હતો.

દરમિયાન તળાવની પાળે બેસવાની સુવિધા તેમજ બ્યુટિફિકેશન માટે ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આગામી સમયમાં જરૂરી ગ્રાન્ટની જોગવાઈ કરવાની ખાતરી આપવામાં આવતા ગ્રામજનોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

# કનેરા ગામે દારૂ પીવા ના પાડતા આધેડે એસીડ પી આપઘાત કર્યો

નવસારી : કનેરા ગામે દારૂ પીવા ના પાડતા આધેડે એસીડ પી આપઘાત કર્યાનો બનાવ જલાલપોર પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના કનેરા ગામે કોલા ફળીયામાં મુકેશભાઈ છનાભાઇ પટેલ (ઉ.વ. ૫૨) તેમના પરિવાર સાથે રહેતા હતા. મુકેશભાઈને દારૂ પીવાની આદત હોવાથી તેમની પત્ની દારૂ પીવા માટે અવાર-નવાર ના પાડતા હતા. તે છતાં પણ મુકેશભાઈ દારૂ પીતા હતા. જેથી ગત ૨૫મીએ મુકેશભાઈને તેમની પત્નીએ દારૂ પીવા માટે ના પાડતા મુકેશભાઈને ખોટું લાગી આવ્યું હતું. જેના પગલે મુકેશભાઈએ એસીડ પી લેતા તેમની તબિયત લથડી હતી. જેથી પરિવારજનોએ તેમને તાત્કાલિક સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં સારવાર દરમિયાન મુકેશભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે જલાલપોર પોલીસ મથકે જાણ કરતા પોલીસે મૃતકના પુત્ર યશની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. ડી.એન. ચૌધરીએ હાથ ધરી હતી.

# નવસારી જિલ્લાના બાગાયતી ખેડૂતોને પેદાશોના નિકાસ માટે જરૂરી દસ્તાવેજો સાથે બાગાયત કચેરીનો સંપર્ક કરવો

નવસારી : નવસારી જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે કે, બાગાયતી પેદાશો એટલે કે ફળ અને શાકભાજીની વિદેશમાં નિકાસ કરવા ઈચ્છતા હોય, તો એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

આ માટે ખેડૂતોએ રજીસ્ટ્રેશન ફોર્મ સાથે તાજેતરની ૮-અ, ૭ અને ૧૨ની નકલ, આધારકાર્ડની નકલ, ખેતરનો કાચો નકશો તથા ફાર્મ ડાયરી સાથે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી,પાણીની ટાંકી પાસે, જૂની જિલ્લા તિજોરી કચેરીની સામે,મોટા બજાર, નવસારી, તા. જિ. નવસારી. ફોન નં.: (૦૨૬૩૭) ૨૮૧૮૫૮ નવસારી ખાતે સંપર્ક સાધવાનો રહેશે.

બાગાયતી પેદાશોને આંતરરાષ્ટ્રીય બજારમાં પહોંચાડવા ઈચ્છુક નવસારી જિલ્લાના ખેડૂતોને આ તકનો લાભ લેવા તથા જરૂરી દસ્તાવેજો સાથે સમયસર રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવા નાયબ બાગાયત નિયામક નવસારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# રક્ષાબંધનની પૂર્વસંધ્યાએ નવસારીના બજારોમાં ખરીદીનો ધમધમાટ




નવસારી : રક્ષાબંધન પર્વની પૂર્વસંધ્યાએ નવસારી શહેરના મુખ્ય બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જોવા મળી હતી. રાખડી, મીઠાઈ અને ગિફ્ટની દુકાનોમાં દિવસભર ગ્રાહકોનો ધસારો રહ્યો હતો.

આ વર્ષે રાખડીના રો-મટીરિયલના ભાવમાં ઘટાડો થતાં ગત વર્ષની સરખામણીએ રાખડીઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. જેના પગલે ગ્રાહકોમાં પણ ખરીદીનો ઉત્સાહ વધ્યો હતો. બજારમાં વિવિધ આકાર, આકર્ષક રંગો અને નવી ડિઝાઇનવાળી રાખડીઓ ગ્રાહકોનું ધ્યાન ખેંચી રહી છે.

પરંપરાગત રેશમી દોરા અને મોતીની રાખડીઓ ઉપરાંત ફેન્સી સ્ટોનવર્ક, બ્રેસલેટ લુક, લૂંબા રાખડી તેમજ બાળકો માટે કાર્ટૂન અને લાઈટિંગવાળી રાખડીઓની ખાસ માંગ જોવા મળી હતી.

રાખડીની સાથે શહેરની મીઠાઈની દુકાનો અને ગિફ્ટ શોપ્સમાં પણ ખરીદી માટે લોકો ઉમટી પડ્યા હતા. ભાઈ માટે મીઠાઈ અને ગિફ્ટ ખરીદવા બજારોમાં મોડી રાત સુધી ધમધમાટ જોવા મળ્યો હતો. સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ, રક્ષાબંધન પર્વે જોવા મળેલી આ ઘરાકી આગામી ગણેશોત્સવ, નવરાત્રિ અને દિવાળીના તહેવારો દરમિયાન પણ બજારમાં તેજીના સંકેત આપી રહી છે.

## રક્ષાબંધન પર માનવતાની સૌથી ભાવુક ક્ષણ - એક હૃદયે બે પરિવારોને બાંધી દીધા

# સ્વર્ગવાસ ભાઈની યાદો અને ધબકારા સાથે નિધિએ રવિરાજને બાંધી રાખડી

## રાખડી તો રવિરાજના હાથ પર બંધાઈ, પણ તેની લાગણી સીધી શૈશવના હૃદય સુધી પહોંચી ગઈ

સુરત : રક્ષાબંધનના પવિત્ર પર્વ પર પ્રેમ, લાગણી અને માનવતાની એક એવી અનોખી ઘટના બની, જેણે દેશભરના હૃદયને સ્પર્શી લીધું. ગત ૧૮મી માર્ચ-૨૦૨૩ ના રોજ ૨૪ વર્ષીય મિકેનિકલ એન્જિનિયર યુવાન સ્વ. શૈશવ ગિરીશભાઈ પટેલને સુરતની એઈમ્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ડોકટરોએ બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. દુ:ખની ઘડીમાં પણ પટેલ પરિવારે અદમ્ય હિંમત દાખવી, ડોનેટ લાઈફના માધ્યમથી શૈશવના હૃદય, ફેફસાં, લિવર, કિડની અને ચક્ષુઓનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. જેથી સ્વ. શૈશવનું હૃદય હાંસોટ તાલુકાના આસરમાજૂના ગામના ૨૨ વર્ષીય યુવાન રવિરાજ વિક્રમસિંહ મહિડામાં સુરતની મહાવીર હોસ્પિટલમાં માર્ચ-૨૦૨૩ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. રવિરાજના શરીરમાં આજે શૈશવનું હૃદય ધબકી રહ્યું છે.



રક્ષાબંધનના પવિત્ર દિવસે એક એવું દ્રશ્ય સર્જાયું જેણે હાજર સૌની આંખો ભીની કરી દીધી. સ્વ. શૈશવની બહેન નિધિ પોતાના ગામ હાજતથી તેની માતા મનીષાબેન, પિતરાઈ ભાઈ મોહિત અને ડોનેટ લાઈફની ટીમ સાથે રવિરાજના ગામે પહોંચી હતી. જ્યાં હાથમાં રાખડી અને હૃદયમાં ભાઈની અસંખ્ય યાદો લઈને જ્યારે નિધિએ રવિરાજને રાખડી બાંધી, ત્યારે ખુશી અને ગમના આંસુ એકસાથે વહી નીકળ્યા.

જેની સાથે રવિરાજે પણ ભાવુક થઈ કહ્યું, 'સ્વ. શૈશવનું હૃદય મારામાં ધબકી રહ્યું છે. નિધિએ બાંધેલી આ રાખડી ફક્ત મારા હાથ પર નહીં, બે પરિવારોના હૃદય પર બંધાઈ છે. શૈશવે મને માત્ર નવું જીવન નથી આપ્યું, નિધિના રૂપમાં બહેન પણ આપી છે. છેલ્લા ત્રણ વર્ષથી નિધિ મને રાખડી બાંધવા આવે છે.

જયારે નિધિએ રડતા-રડતા કહ્યું, 'મારો ભાઈ પ્રત્યક્ષ રીતે અમારી વચ્ચે નથી, પણ પરોક્ષ રીતે અમારી વચ્ચે જ છે. તેનું હૃદય રવિરાજમાં ધબકે છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે મારો ભાઈ ખૂબ ખુશ રહે અને જીવનમાં ખૂબ પ્રગતિ કરે.

ડોનેટ લાઈફના સંસ્થાપક અને પદ્મશ્રી થી સમ્માનિત નીલેશ માંડલેવાલાએ જણાવ્યું, 'આ માત્ર રક્ષાબંધન નથી, માનવતાના અતૂટ સંબંધની ઉજવણી છે. સ્વ. શૈશવના હૃદયે બે અજાણ્યા પરિવારોને પ્રેમના એવા પવિત્ર બંધનમાં બાંધી દીધા છે જે લોહીના સંબંધથી પણ વધુ ગાઢ છે. અંગદાન માત્ર જીવન નથી બચાવતું, તે સંબંધોને નવી ઓળખ આપે છે.

ડોનેટ લાઈફ દ્વારા અત્યાર સુધીમાં ૧૩૯૫ અંગો અને ટીસ્યુઓના દાનથી ૧૨૮૬ લોકોને નવું જીવન અને નવી દ્રષ્ટિ મળી છે. જેમાં ૫૫૮ કિડની, ૨૪૪ લિવર, ૫૯ હૃદય, ૫૬ ફેફસાં અને ૪૫૬ ચક્ષુઓનો સમાવેશ થાય છે.

## તવડી ગામે પૂર્ણા નદીમાં ડૂબી જતા યુવાનનું મોત

નવસારી : તવડી ગામના યુવાનનું પૂર્ણા નદીના પાણીમાં ડૂબી જતા મોત નીપજ્યાનો બનાવ મરોલી પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના તવડી ગામે પારસીવાડ ફળીયામાં જીજ્ઞેશભાઈ મહેશભાઈ હળપતિ (ઉ.વ. ૨૮) તેમના પરિવાર સાથે રહેતા હતા. જીજ્ઞેશભાઈ અસ્થિર મગજના હોવાથી ગત ૨૩મીએ તેમના ઘરેથી નીકળી ગયા હતા. પરંતુ મોડે સુધી તેઓ ઘરે ન પહોચતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ગત ૨૬મીએ જીજ્ઞેશભાઈ તવડી ગામમાંથી પસાર થતી પૂર્ણા નદીના પાણીમાં ડૂબી જઈ મરણ ગયેલ હાલતમાં મળી આવ્યા હતા. આ બાબતે મરોલી પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી હતી. જયારે પોલીસે જ્યોત્સનાબેન રાઠોડની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. ગોપાળભાઈને સોંપી છે.

## પાલગભાણ કોઝવે તૂટતાં ખેડૂતો અને પશુપાલકો મુશ્કેલીમાં મુકાયા : પૂર બાદ એક મહિનો વીત્યો છતાં સમારકામ નહીં થતાં ખેડૂતોમાં રોષ

વાંસદા : વાંસદા તાલુકાના પાલગભાણ ગામે નદી પર આવેલો કોઝવે પૂર દરમિયાન તૂટી જતાં ખેડૂતો, પશુપાલકો અને સ્થાનિક ગ્રામજનોની મુશ્કેલીમાં વધારો થયો છે. પૂર આવ્યાને અંદાજે એક મહિનો વીતી ગયો હોવા છતાં સિંચાઈ વિભાગ દ્વારા કોઝવેના સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી નથી. જેના કારણે નદીની સામે આવેલી આશરે ૧૫૦ થી ૨૦૦ એકર ખેતીની જમીન ધરાવતા ખેડૂતોને પોતાના ખેતરો સુધી પહોંચવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

પાલગભાણ ગામ વચ્ચેથી પસાર થતી નદી ઓળંગવા માટે તંત્ર દ્વારા કોઝવે બનાવવામાં આવ્યો હતો. જે કોઝવે વિવિધ ફળિયાઓની વચ્ચેથી પસાર થાય છે અને કોઝવે ગામજનો માટે મહત્વનો છે. પરંતુ નદી પરનો કોઝવે તૂટી જતા માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. અગાઉ ગ્રામજનો આ રસ્તાનો ઉપયોગ ગૌચર વિસ્તાર થઈ નદી પાર જવા માટે



કરતા હતા. હવે કોઝવે તૂટી જવાથી ખેડૂતો માટે ખેતરમાં જવું મુશ્કેલ બન્યું છે. ખેતીના કામકાજ માટે જરૂરી સાધનો, ખાતર, બિયારણ તેમજ અન્ય સામગ્રી ખેતરો સુધી પહોંચાડવામાં પણ મુશ્કેલી પડી રહી છે.

ખાસ કરીને પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતોને પશુઓ માટે ઘાસચારો લાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. રસ્તો બંધ હોવાથી લાંબો વૈકલ્પિક માર્ગ અપનાવવો પડે છે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં વધારો થઈ રહ્યો છે. બીજી તરફ, ગામના રોજિંદા મજૂરી કામે જતા લોકોને પણ અવરજવર માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ કોઝવેના સમારકામ માટે સિંચાઈ વિભાગ સમક્ષ અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં અત્યાર સુધી સ્થળ પર કોઈ નક્કર કામગીરી શરૂ કરવામાં આવી નથી. વિભાગ દ્વારા સમારકામ કરવાની ખાતરી આપવામાં આવી રહી છે, પરંતુ કામગીરીમાં વિલંબ થતાં ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ત્યારે તંત્ર સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ તાત્કાલિક કોઝવેનું સમારકામ શરૂ કરે અને રસ્તો ફરીથી ચાલુ કરાવે તેવી ગ્રામજનો અને ખેડૂતો માંગ કરી રહ્યા છે. જો વહેલી તકે કામગીરી હાથ ધરવામાં નહીં આવે તો ખેડૂતો દ્વારા આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## રૂમલા ગામે ઝેરી દવા પી જતા આધેડનું મોત

નવસારી : રૂમલા ગામે ઝેરી દવા પી જતા આધેડનું મોત નીપજ્યાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, ચીખલી તાલુકાના રૂમલા ગામે ચીરપાડા ફળીયામાં મણીલાલ ઢેડુભાઈ ભોયા (ઉ.વ. ૫૮) તેમના પરિવાર સાથે રહેતા હતા. ગત ૧૦મીએ મણીલાલભાઈએ તેમના ઘરે કોઈ અગમ્ય કારણસર પેરા ક્વેટ નામની ઝેરી દવા પી લીધી હતી. જેના પગલે તેમની તબિયત લથડતા પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધરમપુરની સાઈનાથ હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. પરંતુ સારવાર દરમિયાન ગત રોજ મણીલાલભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે હોસ્પિટલના ડોકટરે ચીખલી પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. આર.એન. વાડલેએ હાથ ધરી છે.

## સાદકપોર ગામ પાસેથી ૩.૪૩ લાખના વિદેશી દારૂ ભરેલી ખોટી નંબર પ્લેટવાળી કાર સાથે એક ઝડપાયો, બે વોન્ટેડ

નવસારી : ખેરગામથી ચીખલી તરફ રોડ પર સાદકપોર ગામ પાસેથી ચીખલી પોલીસે બાતમીના આધારે ૩.૪૩ લાખના વિદેશી દારૂ ભરેલી ખોટી નંબર પ્લેટવાળી કાર સાથે એકને ઝડપી પાડયો હતો. જયારે દારૂ ભરેલી કાર આપનાર અને દારૂ મંગાવનારને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ચીખલી પોલીસે બાતમીના આધારે સ્ટેટ હાઈવે નં. ૧૮૧ ખેરગામ-ચીખલી રોડ પર સાદકપોર ગામ પાસેથી એક ઈનોવા કાર (નં. જીજે-૧૫-સીએમ-૭૮૭૨) ને રોકી તપાસ કરી હતી.



જેમાંથી પોલીસને ૩,૪૩,૨૦૦ રૂપિયાની વિદેશી દારૂની ૧૪૧૬ નંગ નાની-મોટી બાટલીઓ અને ટીન બીયર મળી આવતા વલસાડના પારડી તાલુકમાં તિઘરા ગામ બંગલા ફળીયામાં રહેતા નરેશ ઉર્ફે મોગી અરવિંદભાઈ નાયકને ઝડપી પાડયો હતો. પોલીસે નરેશ ઉર્ફે મોગીની પુછપરછ કરતા વલસાડના ઉમરગામ તાલુકામાં મોહન ગામે ભંડારવાડ ફળીયામાં રવિભાઈ ગણપતભાઈ હળપતિ વિદેશી દારૂ ભરેલી કાર આપી ગયો હતો અને સુરતના કામરેજ ખાતે રવિભાઈ હળપતિના માણસે દારૂ મંગાવ્યો હોવાનું કબુલ્યું હતું. જેથી પોલીસે રવિભાઈ અને તેના માણસને વોન્ટેડ જાહેર કર્યા હતા. બીજી તરફ પોલીસે કારની નંબર પ્લેટ બાબતે તપાસ કરતા જીજે-૧૫-સીએમ-૭૮૭૨ ખોટી હોવાનું અને જીજે-૧૬-એયુ-૩૬૪૯ સાચો હોવાનું જણાયું હતું. પોલીસે ઘટના સ્થળેથી વિદેશી દારૂ સહીત ૧૦ લાખની કાર અને ૧૦ હજાર રૂપિયાનો મોબાઈલ મળી કુલ્લે ૧૩,૫૩,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

## ચીખલી-રાનકુવા રોડ પર આલીપોર ગામ પાસે ટ્રક અડફેટે મોપેડ પર સવાર મહિલાનું મોત, અન્ય મહિલા ઈજાગ્રસ્ત

નવસારી : ચીખલી-રાનકુવા રોડ પર આલીપોર ગામ પાસે ટ્રકે મોપેડને ટક્કર મારતા મોપેડ પર સવાર મહિલાનું મોત નીપજ્યું હતું. જયારે મોપેડ ચાલક મહિલાને શરીરે ઈજાઓ થઈ હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, ચીખલી તાલુકાના રાનવેરી કલ્લા ગામે નહેર ફળીયામાં ધ્રુવીકાબેન આશિષભાઈ પટેલ (ઉ.વ. ૨૬) તેમના પરિવાર સાથે રહેતી હતી. ગત ૨૫મિએ ધ્રુવીકાબેન ગામમાં રહેતા અંજનાબેન વિરેન્દ્રભાઈ પટેલ સાથે અંજનાબેનની મોપેડ (નં. જીજે-૨૧-બીએમ-૯૮૩૪) લઈ ચીખલી બજારમાં કપડા લેવા માટે ગયા હતા. જયાંથી ધ્રુવીકાબેન અને અંજનાબેન મોપેડ પર ઘરે આવી રહ્યા હતા. દરમિયાન ચીખલી-રાનકુવા રોડ પર આલીપોર ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવતી ટ્રક (નં. આરજે-૦૧-જીડી-૭૩૧૭) ના ચાલકે અંજનાબેનની મોપેડને ટક્કર મારી હતી. જેના પગલે અંજનાબેન અને ધ્રુવીકાબેન મોપેડ પરથી રસ્તા પટકાતા ગંભીર ઈજાઓ થઇ હતી. જેમાં ધ્રુવીકાબેનને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જયારે ઈજાગ્રસ્ત અંજનાબેનને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડયા હતા. આ બનાવ અંગે મૃતક ધ્રુવીકાબેનના પતિ આશિષભાઈએ ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. આર.એન. વાડલેએ હાથ ધરી છે.

## સિસોદ્રાથી ગ્રીડ સર્વિસ રોડ પર સામેથી આવતી કારે મોપેડને ટક્કર મારી, મહિલા ઈજાગ્રસ્ત

નવસારી : નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર સિસોદ્રાથી ગ્રીડ સર્વિસ રોડ પર સામેથી આવતી કારે મોપેડને ટક્કર મારતા મોપેડ ચાલક મહિલાને ઈજાઓ થઇ હોવાનો બનાવ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના એરુ ગામે મોટા ફળીયામાં મીતાલીબેન ફિડલભાઈ પટેલ તેમના પરિવાર સાથે રહે છે અને નવસારી રઘુવંશી મોટર્સમાં નોકરી કરે છે. મીતાલીબેન તેમના ઘરેથી મોપેડ (નં. જીજે-૨૧-ડીએચ-૯૯૫૮) લીને નવસારી નોકરીએ આવી રહ્યા હતા. દરમિયાન તેણી નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર સિસોદ્રા ઓવરબ્રિજ થી ગ્રીડ તરફ જતા સર્વિસ રોડ પરથી પસાર થઇ રહી હતી. ત્યારે નિરાલી હોસ્પિટલ પાસેથી પસાર થતી વેળા ગ્રીડ ઓવરબ્રિજ તરફથી આવતી કાર (નં. જીજે-૨૧-સીએ-૩૭૨૮) ના અજાણ્યા ચાલકે સામેથી મીતાલીબેનની મોપેડને ટક્કર મારી હતી. જેના પગલે મીતાલીબેન રસ્તા પર પટકાતા તેમને શરીરે ઈજાઓ થઇ હતી. પરંતુ અકસ્માત સર્જાર્યા બાદ કાર ચાલક કાર લઈ ઘટના સ્થળેથી નાસી ગયો હતો. જોકે ઘટના સ્થળે ભેગા થયેલા લોકોએ તેણીને તાત્કાલિક સારવાર અર્થે નિરાલી હોસ્પિટલમાં ખસેડી હતી. આ બનાવ અંગે મીતાલીબેનના સસરા - ફુલભાઈએ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે કારના અજાણ્યા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ એ.એસ.આઈ. વી.એમ. બારિયાએ હાથ ધરી છે.

## ખેરગામ-વલસાડ રોડ પર કારે બાઈકને ટક્કર મારતા પતિ-પત્ની ઘાયલ

નવસારી : ખેરગામ-વલસાડ રોડ પર વેણ ફળિયા ત્રણ રસ્તા પાસે કારે બાઈકને ટક્કર મારતા પતિ-પત્ની ઘાયલ થયા હોવાનો બનાવ ખેરગામ પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, મૂળ વાંસદા તાલુકાના મીઢાબારી ગામે નીચલા ફળીયામાં અને હાલ વલસાડના પાર્વતીનગર મોગરાવાડીમાં સુરજ રેસીડન્સીમાં રહેતા સુરેન્દ્રભાઈ રામગીયા પંડિત તેમના પરિવાર સાથે રહે છે. સુરેન્દ્રભાઈ તેમની પત્ની જીવલીબેન સાથે બાઈક (નં. જીજે-૨૧-બીપી-૩૬૦૯) લઈને કામ અર્થે ક્યાંક જઈ રહ્યા હતા. દરમિયાન ખેરગામ-વલસાડ રોડ પર વેણ ફળિયા ત્રણ રસ્તા પાસેથી પસાર થઇ રહ્યા હતા. ત્યારે રોંગ સાઈડેથી આવતી કાર (નં. જીજે-૧૫-સીઆર-૪૯૧૪) ના અજાણ્યા ચાલકે સુરેન્દ્રભાઈની મોપેડને ટક્કર મારી હતી. જેના પગલે સુરેન્દ્રભાઈ અને જીવલીબેન રસ્તા પર પડતા તેઓને શરીરે ઈજાઓ થઇ હતી. જયારે અકસ્માત સર્જાર્યા બાદ કાર ચાલક કાર લઈ ઘટના સ્થળેથી નાસી ગયા હતા. આ બાબતે જીવલીબેને ખેરગામ પોલીસ મથકે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ હે.કો. બીપીનભાઈને સોંપી છે.

## ગણદેવીના તલોધ ગામેથી બાઈક ચોરાઈ

નવસારી : ગણદેવીના તલોધ ગામેથી બાઈક ચોરી થઇ હોવાનો બનાવ બીલીમોરા પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, મૂળ ગણદેવી તાલુકાના તલોધ ગામે ઢોડીયાવાડમાં અને હાલ બારડોલી સરદાર હોસ્પિટલની સામે કિરણ એપાર્ટમેન્ટમાં કૃણાલભાઈ રમણભાઈ પટેલ તેમના પરિવાર સાથે રહે છે. કૃણાલભાઈએ તેમના ઘર વપરાશ માટે બાઈક (નં. જીજે-૧૯-બીજી-૧૧૬૭) નો ઉપયોગ કરી રહ્યા હતા. જોકે છેલ્લા દોઢેક વર્ષથી કૃણાલભાઈએ તેમની બાઈક તલોધ ગામે કૈલાશ એપાર્ટમેન્ટમાં રહેતા તેમના મિત્ર બલવીરસિંગ રમેશસિંગ સરદારને વાપરવા માટે આપી હતી. જેથી હાલ તે બાઈક બલવીરસિંગ વાપરી રહ્યા હતા. ગત ૧૩મીએ બલવીરસિંગે બાઈક તેમના એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાં મૂકી હતી. દરમિયાન મોડી રાત્રે કોઈ અજાણ્યા ચોરે તેમની બાઈક ચોરી કરી નાસી ગયો હતો. બીજા દિવસે મળશ્કે બલવીરસિંગ ધંધા પર જવા માટે નીકળ્યા ત્યારે તેમને બાઈક ન દેખાતા આજુબાજુના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ બાઈક મળી ન હતી. બાઈક ચોરી બાબતે બલવીરસિંગે કૃણાલભાઈને જાણ કરતા તેમણે બીલીમોરા પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. એસ.ડી. કારેણાએ હાથ ધરી છે.

OWNER , PRINTER, PUBLISHER, & EDITOR :- ROHIT ASHOK SETHIA, PRINTED AT :- AAYUSH ENTERPISE, D-26, UDHYOG NAGAR,VIJALPORE, NAVSARI, GUJARAT- 396445., PUBLISHED PLACE :- 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT -396445. , EDITOR : ROHIT ASHOK SETHIA, Mo. :-+91-7600000600